સ્વામી વિવેકાનંદ કૃત વ્યાખ્યાન માળા. મણકો ૧.

સનાતન હિંદુ ધર્મ.

જાન્યુઆરી સને ૧૮૯૭.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

મૂલ્ય એક આનો.

છપાય છે.

સુપ્રસીદ્ધ વાર્તાકાર રેનોલ્ડ્સ કૃત મીસ્ટ્રીસ ઑફ ધ લંડનનું
શુદ્ધ અને સરળ ગુજરાતી ભાષાંતર.

લંડન રહસ્ય.

ભાગ ૧ લો.

ભાષાંતર કરનાર.

ભગુભાઈ ફતેહચંદ કારભારી.

અમદાવાદ.

અગાઉથી નામ નોંધાવનાર પાસેથી ફક્ત રૂપીઆ એક પાછળથી રૂ. ૧।। કર્તાને લખવાથી નામ નોંધવામાં આવશે,

સ્વામી વિવેકાનંદ કૃત વ્યાખ્યાન માળા. ૧.

સનાતન હિંદુ ધર્મ.

(અમેરિકામાં ચીકાગો શહેરમાં સને ૧૮૯૩ ના
સપ્ટેંમ્બર માસમાં ભરાયેલી ધાર્મીક
સમાજ આગળ વાંચેલાં વાખ્યાન.)

ભાષાન્તર કરનાર,

એક હિંદુ.

જાન્યુઆરી ૧૮૯૭

અમદાવાદ.

વિજય પ્રવર્તક પ્રેસ.

મૂલ્ય એક આનો.

“ एकंसत् विप्रा बहुधावदन्ति. ”

જે છે તે એકજ છે; પણ મહાત્મા પુરૂષો તેને જુદા જુદા રૂ
પાન્તરથી ઓળખાવે છે.   રૂગ્વેદ.

બે બોલ.

સ્વામી **વિવેકાનંદ** કોણ છે ? તે સબંધી આ નાનકડા પુસ્તકના છેલ્લા પાના ઉપર જણાવ્યું છે. આ સ્વામીએ અમેરિકામાં સન ૧૮૯૩ ના સપ્ટેમ્બર માસમાં **ચીકાગો** શહેરમાં વાંચેલા **સનાતન હિંદુધર્મ** નામના વ્યાખ્યાનોનું આ ભાષાંતર છે. આનું અસલ ઇંગ્રેજી, અમેરિકામાં તેમજ યૂરોપમાં અનેક આવૃત્તીઓમાં પ્રસીદ્ધ થયું છે, તેમજ કલકત્તા અને મદ્રાસમાં હજારો નકલો પ્રસીદ્ધ થઇ છે. એટલે તે **વાખ્યાનો** ઘણાંજ લોક પ્રીય થયાં છે. અને તેનું બંગાલી, ટેમીલ આદી ભાષાઓમાં ભાષાંતર થયાં છે અને આ ગુજરાતી ભાષાંતર લોક પ્રીય નીવડશે એવી આશા રાખવામાં આવે છે.

મદ્રાસના ક્રીશ્ચીયન સોસાઇટીએ સ્વામીના આ ઇંગ્રેજી વાખ્યાનની ૪૦૦૦ નકલો છપાવી છે અને તેની અંદર તેમનાથી બની તેટલી ખોટી ટિકા કરી છે પણ તે તેમનો પ્રયત્ન સ્વામીના શબ્દોમાંજ કહિયેતો "સૂર્યસામા ધુળ નાખ્યા જેવો છે" અને કાંઇ આવી ખોટી ટિકાઓ કરવાથી હિંદુસ્તાન કદિ ખ્રીસ્તી બની જવાનુ નથી.

સ્વામીએ મને પોતાના આપેલા વ્યાખ્યાનોનું ભાષાંતર કરવા પોતાના તા. ૮ મી ઑગસ્ટ ૧૮૯૬ ના સ્વીટજર્લાંડમાંથી લખેલા પત્રમાં ફરમાવ્યું છે અને આ ભાષાંતર તેમની આજ્ઞાનુંસાર કરવામાં આવ્યું છે. આ શિવાય સ્વામીનાં ઘણાં વાખ્યાનો છે જે ક્રમવાર મેં પ્રસીદ્ધ કરવાં ધાર્યાં છે; અને આશા રાખુ છું કે ધર્મ જીજ્ઞાસુઓ તેમજ માહરાજાઓ મારા આ પ્રયત્નને સહાયભૂત થઇ હવે પછીના અંકો બહાર પાડવામાં મદદ્ કરશે.

ખ્રીસ્તીલોકો પોતાના ધર્મ પ્રવર્તક અર્થે સસ્તાં પુસ્તકો મોટાં મોટાં ફંડ એકઠાંકરી કાઢે છે અને આવા વખતમાં પોતાનો ધર્મ જળવાઇ રહે તે માટે સમસ્ત આર્ય પ્રજાએ પોતાના ધર્મનાં પુસ્તકો ઘણીજ સસ્તી કીમતે મોટું ફંડ કરી પ્રસીદ્ધ કરવાની જરૂર છે; અને આ ભાષાંતર કાંઇ તેવીજ આશાએ ઘણા લોકો વાંચે અને તેનો ઉપયોગ કરે તે માટે ફક્ત **એક** આનાની નામની કીમતે પ્રસીદ્ધ કર્યું છે.

હવે પછીથી પ્રસીદ્ધ થનાર અંકો સસ્તી કીમ્મતે પ્રસીદ્ધ થાય તે માટે **શ્રીમંતો** અને **માહુરાજાઓ** સારો આશ્રય આપશે એવી આશા રાખવામાં આવે છે.

આ ભાષાંતર પ્રસીદ્ધ કરવાનું તમામ માન મારા મુરબ્બી **બાબુ શ્રી કાલીપદ઼ ઘોષને** છે કેમકે તેમના આશ્રયથી આ પુસ્તક પ્રસીદ્ધ કરવામાં આવ્યું છે.

અમદાવાદ. } લી. શેવક.
તા. ૭-૧-૯૭ } **પ્રકાશક.**

હવે પછી પ્રસીદ્ધ થનાર અંક.

કર્મયોગ.

સનાતન હિંદુ ધર્મ.

કાર્ડીનલ ગીબનની બન્ને બાજુએ પૂર્વ તર્ફના પ્રતિનિધિઓથી ભરાઇ ગઇ હતી અને દરેક જણના જુદા જુદા પોષાકથી તે દેખાવ અતી રમણ્ય લાગતો હતો. હિંદુ, બુધ, અને મહમદના ધર્મપ્રવર્તકોની વચ્ચે એક **વિવેકાનંદ** નામે સ્વામી હતો જેનો પોષાક નારંગી રંગના ભગવા કપડાંનો હતો. માથે પાઘડી પણ તેજ રંગની હતી અને તેનો ચહેરો ઘંઉવર્ણો હતો જે ખરેખર એક મહારાજાધિરાજ જેવો દેખાતો હતો.

સ્વામી **વિવેકાનંદને** પછી બોલાવવામાં આવ્યા અને જ્યારે તેમણે શ્રોતાજનોને ભાઇઓ અને બહેનો કહી પોતાનું ભાષણ શરૂ કર્યું ત્યારે થોડીપળ સુધી તાળીઓના નાદ વચ્ચે તેમનું ભાષણ નિચે પ્રમાણે (ધન્યવાદ સાથે) શરૂ થયું:—

તમે મને જે માન આપ્યું છે તેને કયા શબ્દોમાં ધન્યવાદ આપવો તે મને સુજતું નથી; હું તમને બધાને અમારા પુર્વના સાધુઓના માન પ્રમાણે આશીર્વાદ આપું છું; ધર્મની માતાના નામે તમને સાબાસી આપુછું અને અનેક જાતના લાખો હિંદુઓની વતી હું તમને ધન્યવાદ આપુ છું.

આ જગ્યા ઉપર જે વકતાઓએ અમને દુરદેશના પ્રતિનિધિ જણાવી એમ કહ્યું છે કે તેઓ પણ **શહનશિળતા**ના વિચારને ટેકો આપશે તેમને પણ મારો **ધન્યવાદ** છે. હું એવા ધર્મનો પ્રતિનિધિ છું કે જે ધર્મે દુનિયાને સહનતા અને સમગ્ર હેતુ શિખવ્યા છે. **અમે એકલી સમગ્ર સહનતા** માનીએછીએ એટલુંજ

નહી પણ બધા ધર્મને **સાચા** માનીએ છીએ. હું એવા એક પવિત્ર ધર્મને માનું છું કે જેની ભાષામાં Exclusion (બહાર કાઢી નાંખવું તે) શબ્દનો તરજુમો થઇ શકતો નથી. અને હું એવા દેશનો વતની છું કે જે દેશે સર્વ જાતના ધર્મોને છાંયો આપ્યો છે. અમારા અંતઃકરણમાં બાકી રહેલા નિર્મળ **ઇસરાયલો** જે દક્ષિણ હિંદુસ્તાનમાં આવી રહ્યા અને તેજ વર્ષમાં જેમનું પવિત્ર મંદિર રોમન કેથોલીક જુલમથી ખંડિત કરવામાં આવ્યું હતું તે હજુ તેવાંને તેવાંજ છે. હું એ ધર્મને ગાન આપુછું કે જે ધર્મ તે આશ્રય આપ્યો છે અને જે ધર્મનો આશ્રય બાકી રહેલી **ઝોરોસ્ટ્રીયન** પ્રજા લીધે જાય છે. મારા ભાઇઓ હું તમને થોડા શબ્દો બતાવું છું કે જે હું મારા બાળપણથી સંભાળું છું અને તે એ છે કે "જેમ જુદી જુદી નદીઓના ફાંટા જુદે જુદે સ્થળે મળી એકજ મહાસાગરમાં ભેગા થાય છે તેમ જુદા જુદા ધર્મોનાં પંથો ગમે તેવા વાંકાટેડા અથવા સીધા હોય પણ તે બધા એકજ રસ્તે દોરનાર છે."

કદી નહી મળેલી એવી મોટી સમાજ જે આજે ભેગી થઇ છે તે ગીતામાં કહેલા નીચેના વાકયના પરિશોધન અર્થે ભેગી થઇ હોય તેમ જણાય છે; "જે કોઇ જે જે રસ્તે મારીપાસે આવે છે તે ગમે તો સીધા હો કે વાંકા હો તોપણ તે બધા છેવટ મારી પાસેજ આવે છે."

સંપ્રદાયકો, મતાભિમાની, મૂર્ખ ધર્માભિલાશી અને ઝનુની લોકોએ અપવિત્ર ભૂમિનો ઘણા કાળથી કબજો લીધો છે અને અનેકવાર જુલમથી લોહીની નીકો વહેવરાવી છે અને સુધારાનો છેડો આણી પ્રજાને નિરાશ કર્યા છે; આ ક્રુર ખવિસ જો ન હોત તો પ્રજા ઘણીજ આગળ વધી હોત અને તેની હાલત આ છે તે ન હોત; પણ હવે વખત નજદીક છે અને હું ધારૂ છું કે જે ઘંટા નાદ આજ સવારે થયો તે કેમ નહીં કહી શ-

કાય કે તે આ બધા સંપ્રદાયકો, મતાભિમાનીઓ, અને ઝનુની લોકોની લાગણીઓનો અંત ન હોય.

ભ્રાતૃભાવ.

તમે જે બાપણુ કર્ત્તાને હમણાં એમ કહેતાં સાંભળ્યો છે કે "આપણને એકબીજાને ગાળો દેતા બંધ થવા દો" અને તે જુદા જુદા ફાંટા થવાથી ઘણો દીલગીર હતો; તેના સંબંધમાં મને જરા કહેવા દો; પણ હું ધારૂછું કે આ ફાંટાના સંબંધમાં એક વાર્ત્તા કહેવી ઠીક પડશે.

એક દેડકો હતો જે કુવામાંજ રહેતો હતો અને ત્યાં તે ઘણો વખત રહ્યો હતો, ત્યાંજ તે જન્મ્યો હતો અને ત્યાંજ તે ઉછર્યો હતો છતાં તે નાનો ને નાનો રહી ગયો હતો; ખરૂં છે કે આપણને ત્યાં એવું કોઇ કહેનાર ભાગ્યેજ મળે કે દેડકાને આંખ હશે કે નહી પણ આપણી વાર્ત્તાની ખાતર મને કહેવા દો કે તેને આંખો હતી અને તે હમેશાં પાણીમાં રહેતાં જીવડાં અને જંતુઓ ખાઈ પાણી સાફ રાખતો હતો અને આવી રીતે તે મજબુત અને જાડો થયો હતો પણ અકસ્માત એક દરીઆનો દેડકો ત્યાં કુવામાં આવી લાગ્યો; અને તેને તેણે પૂછ્યું કે ?

'તું કયાંથી આવ્યો ?'

'દરીઆમાંથી'

"દરીઆમાંથી" તે કેટલો મોટો છે ? શું તે મારા કુવા જેવડો મોટો છે ? અને આવી રીતે બોલી તેણે એક બાજુથી બીજી બાજુએ ફલંગ મારી.

દરીઆના દેડકાએ જવાબ આપ્યો કે "મારા મિત્ર તું કુવાને દરીઆ સાથે કેવી રીતે સરખાવી શકે ?"

પેલા દેડકાએ ફરી ફલંગ મારી કહ્યું કે "શું દરીઓ આટલો બધો મોટો છે."

"તું શું ઘેલું બોલે છે? દરિયાને તારા કુવા સાથે તું કેવી રીતે સરખાવે?" દરિઆના દેડકાએ તે પ્રમાણે કહ્યું ત્યારે જવાબમાં કુવાના દેડકાએ કહ્યું કે "ખરે મારા કુવા કરતાં બાગ્યેજ કોઈ મોટું હોય અને મોટામાં મોટો આજ કુવો છે. આ દેડકો ખોટું બોલે છે માટે તેને કહાડી મુકો".

આવી રીતે અનેક સ્થળે મુશ્કેલીઓ નડી છે.

હું હીંદુ છું, હું મારા નાના કુવામાં બેઠો છું, અને એમ ધારૂં છું કે આ નાનો કુવો તેજ આખી દુનિઆં છે. ખ્રીસ્તી તેના નાના કુવામાં બેઠા છે અને તેજ કુવો તે દુનિઆ માને છે. તેમજ મુસલમાન તેના નાના કુવામાં બેઠો છે અને તેને નાની દુનિઆ સમજે છે. મારા અમેરિકન મિત્રો આ તમારા પ્રયત્ન માટે હું તમને આશીર્વાદ આપું છું અને તે મહાન પ્રભૂ તમારા કાર્યમાં ફળીભૂત થવા તમને સ્હાય રૂપ થશે.

હિંદુ ધર્મ.

પ્રાચીન કાળથી ચાલતા આવેલા ધર્મોમાં માત્ર હિંદુ ધર્મ, ઝોરાસ્ટરનો ધર્મ અને જ્યૂ લોકોનો ધર્મ છે. આ દરેક ધર્મ પ્રત્યે આક્ષેપ વિક્ષેપનો સખ્ત પ્રહાર થયાં છતાં પોતાના સ્વપ્રબલ્યતાથીજ હાલ તેમની અસલી માનવંત સ્થિતિ જળવાઇ રહી છે. પણ જ્યારે જ્યૂ લોકોનો ધર્મ નવીન પથરાતા ક્રીશ્ચીયન ધર્મનું આસ્તિત્વ ભંગ કરવામાં ફાવ્યો નહિ એટલુંજ નહિ પણ તેથી વધુ ફતેહ પામેલી તેની પુત્રીએ તેને સ્વભૂમિમાંથી ખસેડયો જેની સાબીતિ હજારો પારસીઓ પોતાના મહાન ધર્મને હજુ-

સુધી ચુસ્ત રીતે વળગી રહ્યા છે તે પરથી ગળે છે. એવું હતું ત્યારે હિંદુસ્તાનમાં દીનપ્રતિદીન નવીન ધર્મોનો પ્રચાર વધતોજ ગયો અને એક વખત એવો આવ્યો કે વેદ ધર્મ જડ મૂળથી ઉખડી ગયો હોય એમ આભાસ થવા લાગ્યો પણ જેમ કિનારા પાસેથી સમુદ્રના પાણી સખ્ત ધરતીકંપથી થોડે દૂર જઇ થોડી વારમાં એક મોટી રેલના મોટા જથાગાં પાછા આવે છે અને સઘળે સ્થળે જળપ્રલય થાય છે તેમજ જ્યારે વેદ ધર્મની રેલનો ધુંધવાટો બંધ થઇ મોટા વેગમાં પાણી ફરી વળશે ત્યારે તે-માંથીજ થયેલા ભિન્ન ભિન્ન ક્ષુદ્ર ધર્મોના નાના ખાબોચીઆ નાબુદ કરી એકજ વેદ ધર્મની રેલના વિશાળ પાણીમાં મળી જશે. આત્મજ્ઞાન વ ચૈતન વાદના ઉત્તમ નિપુણ વિચારો જે-મની સાથે પાશ્ચિમાત આધુનિક જડવાદ શાસ્ત્રની શોધો સર-ખાવતાં તે માત્ર ખરા અનાજના પડથારૂપી છે તે બુદ્ધ અને જૈન લોકોના ઘણા ઇશ્વરોના આસ્તિત્વ માનવાનાથી નીપજેલા એકજ અનંત સર્વ શક્તિમાન ઇશ્વરનું અસ્તિત્વ ન સ્વિકારવાના નાસ્તિકપણાથી તે મૂર્તિપુજાના વિદ્વાન પુરૂષોએ અસ્વિકાર કરેલા અમાન્ય યુક્ત વિચારો અને પુરાણિક દૈવ કથાનો મોટો ભંડાર હિંદુ ધર્મમાં છે.

હવે ત્યારે પ્રશ્ન માત્ર એટલોજ રહ્યો કે જે બિંદુમાં આડા ફંટાયલા ક્ષુદ્ર ધર્મોના ફાંટા ગળવા જોઇએ તે બિંદુ કયાં છે અને સાધારણ મુદ્દો જે ઉપરથી સઘળા બાહ્ય મતભેદો ઉત્પન્ન થયાં છે તે કયાં છે તે દેખાડવાને આજ હું પ્રયત્ન કરીશ.

વેદ વિષે.

વેદ.

હિંદુઓએ પોતાનો ધર્મ ઇશ્વરોક્ત વેદ ધર્મપરથી લીધો છે

અને તેઓ એમ માનેછે કે વેદ અનાદિ અને અનંત છે પ્રેક્ષક જ-નોને એક ગ્રંથ અનાદિ અને અનંત છે એમ માનવું કેવળ હા-સ્યસ્પદ લાગશે પણ તેમણે યાદ રાખવું જોઇએ કે વેદ કંઇ પુ-સ્તક નથી તેતો ભિન્ન ભિન્નકાળે જૂદા જૂદા મહર્ષિઓ (ઋષિ-ઓ) એ શોધી કાઢેલા આત્મજ્ઞાનના નિયમોનો મોટો ભંડાર છે. પણ જેમ ગુરૂત્વાકર્ષણ (Law of Gravity) સરઆઇઝેક ન્યૂટન નામના વિદ્વાને શોધી કાઢ્યું તે પેહેલાં દુનિયામાં હતુંજ અને આપણે સઘળાં તે વિષે સઘળું ભૂલી જઇએ તો પણ તે કંઇ નષ્ટ થવાનું નથી તેમજ જે નિયમો આત્મજ્ઞાનને પ્રેરે છે તેમને માટે પણ એમજ સમજવું. પ્રત્યેક જીવનો બીજા જીવ સાથે અને દરેક ચૈતન્યનો સઘળા ચૈતન્યનો કર્તા (ઇશ્વર) સાથેનો નીતિ અને આત્મિક સબંધની ખોળ થઇ તે પૂર્વે આ ભૂમંડળ-માં હતો અને આપણે બધાં તેમજ આપણા પછીથી થવાની ઉછરતી નવીન પ્રજા તે વિષે અજ્ઞાન થાય તો પણ એમાંતો કિં-ચિત માત્ર પણ ઘટ વધ થશે નહિ. આ સઘળા નિયમોની શોધ કરનારા મહર્ષિઓ મનાય છે અને અમે તેમને સઘળી વા-તમાં નિપુણ હતા એમ માનીયે છીયે. શ્રોતાજનો જાણીને આ-નંદ થશે કે આમાં કેટલીક સ્ત્રીઓ ઋષિ પદને પામી હતી.

આ પ્રસંગે મારે જણાવવું જોઇએ કે ઉપર વર્ણવેલા નિ-યમો જોકે અનંત હોય તોપણ તેમની શરૂઆત હોય એમ વા-સ્તવિક લાગેછે પણ વેદતો સૃષ્ટિક્રમ અનંતને અનાદિછે એમ સૂ-ચવે છે તથાપિ આધુનિક પાશ્ચિમાત શાસ્ત્રકારોએ બ્રહ્માંડ રચના-નું તત્વ સઘળે વખતે હતું એટલુંજ રહ્યું છે એમ સિદ્ધ કરી આપ્યું છે ત્યારે જે સમયે આપણી પૃથ્વિનું બંધારણ થયુંજ ન હતું ત્યારે આ સઘળું તત્વ ક્યાં અને કઇ સ્થિતિએ હતું ? કે-ટલાકનું કહેવું એમ છે જે એ સઘળું પરમાત્માના ગુહ્ય સ્વરૂ-પમાંજ હતું.

પણ જ્યારે ઈશ્વર કેટલીક વખતે નિવૃત અને કેટલીક વખતે પ્રવૃત છે પણ જો પ્રવૃતછે એમ સ્વિકારીએ તો તે ચળીત છે એમ પણ સ્વિકારવું પડશે અને જે કાંઇ વસ્તુ ચળીત છે તે મિશ્રછે અને દરેક મિશ્રિત ચીજ નાશવંત છે. ઉપરનું અનુમાન જો ખરૂં ઠરે તો ઇશ્વર પણ નાશવંત છે એમ પણ સિદ્ધ થાય પણ આપણે સઘળા સારી પેઠે જાણીએ છીયે કે ઇશ્વરતો અનંત (મૃત્યુરહીત) છે તેટલા માટે સૃષ્ટિક્રમનો અંત અને આદી છેજ નહિ.

અસ્તિત્વ વિષે.

આ સ્થળે હમણાં જો હું મારી આંખો બંધ કરી મારૂં જીવન શું ? હું કોણ ? હું શા માટે ઉત્પન્ન થયો છું ? તે વિષે જો મારા તર્કના ઘોડાઓ દોડાવી મૂકું તો કઇ કલ્પના પહેલી મારા જ્ઞાનચક્ષુ સમક્ષ ખડી થશે. શારીરિક વિચારજ ત્યારે શું મારૂં આ પિંડ માત્ર તત્વ અને જડ ચીજોના મિશ્ર થકી ઉત્પન્ન થયું છે વેદ સૂચવશે "ના" હુંતો શરીરના ખોળીઆમાં રહેલો ચૈતન્ય આત્મા છું હું પોતે કંઇ શરીર નથી પણ તેથી અન્યછું. શરીરનો નાશ થશે પણ મારો એટલે આ દેહમાં રહેલા ચૈતન્ય પરમાત્માના અંસનો નહિ. આ સ્થૂલ શરીર પડશે પણ હું કેતાં ચૈતન્ય આત્મા જેવોને તેવોજ સદા રહેશે અને વળી મેં આ પ્રમાણે કેટલાક ખોળીઆ ગત કાળમાં કેટલાક જીવન ભોગવ્યા પછી બદલ્યાં છે અને હવે પછી પણ બદલતો રહીશ આત્મા અભાવમાંથી ઉત્પન્ન થયો નથી કારણકે સૃષ્ટિ કેટલીક જડ ચીજોના મિશ્રથી બનેલી હોવાથી ભવિષ્યમાં કોઇકાળે તેનો નાશ થાય એ સંભવિત છે ત્યારે આત્મા જો કંઇ મિશ્ર વસ્તુ હોય તો તેનો પણ નાશ થવોજ જોઇએ આથી સહેજ સિદ્ધ થયું છે કે

આત્મા મિશ્રિત નથી. આ અલૌકિક રમણીય ભૂમંડળમાં કેટલાક જીવો સર્વ પ્રકારે સુખી સ્થિતિ અનુભવના પુરૂષોના કુટુંબમાં જન્મ લઇ સર્વ વાતની અનુકુળતા અને પૂર્ણ તંનદુરસ્તીના સાધનો પ્રાપ્ત કરે છે અને આ ક્ષણભંગુર જીવન નિભાવની સઘળી જરૂરીઆતો સંપાદન કર્યાથી તેમના શરીરો અને તેમની મન શક્તિને ઉનાળામાં ખીલતી આનંદમય સુવાસીત મોગરાની કળી પ્રેરે સદા પ્રફુલીત રહે છે જ્યારે બીજા કેટલાક કંગાળ સ્થિતિમાં જન્મી મલીન આયુષ ભોગવતાં અને જેમ તેમ પોતાના જીવને સઘળી પ્રકારની મુશીબત અને હરકતોના દુઃખમય સમુદ્રમાંથી બચાવવાને સઘળો પ્રયત્ન છતાં, ડૂબી જાય છે આવું ઘણાકોએ જોયું, યા અનુભવ્યું હશે. જ્યારે આ બધા જીવો એકજ સાથે એકજ તત્વમાંથી કંઇ પણ ભેદ વગર ઉત્પન્ન થયાં હોય ત્યારે પરમ દયાળુ અદલ ઇનસાફી ઇશ્વરને કેટલાકને સુખી સ્થિતિમાં અને કેટલાકને દુઃખી હાલતમાં રાખવાનું શું કારણ ? એનુંજો નિરાકરણ થાય નહિ તો એ પોતે એક તરફી યા પક્ષપાતી ગણાય ત્યારે તો એ પોતે પંચમહાભૂતના (તત્વના) પરમાણું શરીરમાં એવી રીતે ગોઠવતો હોવો જોઇએ કે જેથી કરીને પરિણામે કંગાળ જીંદગી ભોગવતા પુરૂષો હવે પછીના તેમના નવીન જીવનમાં વધારે ઉન્નત સ્થિતિમાં ન આવી શકે તેટલા માટે સહજ પ્રશ્ન ઉઠે છે કે અદલ ઇનસાફી માયાળુ ઇશ્વરના રાજ્યમાં કોઇ પણ કંગાળ સ્થિતિમાં અમુક કાળે હોયજ કેમ ?

બીજી રિતે તપાસતાં આવો આપણો ખ્યાલ કંઈ વાસ્તવિક નિરાકરણ કરતો નથી પણ ઉલટો એમ ભાન કરાવે છે કે એ સઘળું સર્વ શક્તિમાન ઇશ્વરનો ક્રુર હુકમજ હોયની અને તેટલા માટે આ આપણો તર્ક અશાસ્ત્રીય (unscientific) છે. ત્યારે માણસને સુખી અને દુઃખી કરવાના પૂર્વ જીવનના કારણો હોવાં જોઇએ અને આ કારણો એના પૂર્વ જીવનમાં કરેલાં કૃત્યોજ

છે. શા માટે ત્યારે તેના માતાપિતા તરફથી વારસામાં મળેલી યોગ્યતા તેના મન અને શરીરની સઘળી વલણુનો યથાર્થ ખુલાસો ન કરી શકે ?

આવું છે ત્યારે એક મનનું અને બીજું તત્વનું અસ્તિત્વ માનવુંજ પડશે વંશ પરંપરાથી મળતો માનસીક વારસો જો તત્વ અને તેના ભિન્નભિન્ન રૂપાંતર આપણી દરેક શંકાનું પ્રતિપાદન કરતા હોય તો આત્મા અર્થાત પ્રભુતા આપણા શરીરમાં દેહથી ભિન્ન છે એમ માનવાની કંઈ પણ જરૂર નથી અને વિચાર તત્વમાંથી નીકળેલો છે એમ સિદ્ધ થયું નથી માટે શરીરને કેટલીક વલણો વંશપરંપરાથી મળે છે અને આ વળણો પ્રાકૃતિક આકૃતિ લઈ વિચિત્ર મન ઉપર વિચિત્ર પ્રકારે અસર કરે છે એ પણ માનવા યોગ છે. અમુક જીવનની વિચિત્ર વલણો એના પૂર્વ જન્મના કૃત્યોનું પરિણામ છે અને તેટલા માટે અમુક આત્મા સ્નેહાકર્ષણના નિયમાનુસાર અમુક વલણો પ્રાપ્ત કરી જે શરીર આવી વલણો દર્શાવવાને વધારે યોગ્ય ભાસે તેમાં દાખલ થાય છે આ ખુલાસો શાસ્ત્રાનુસાર છે કારણકે શાસ્ત્રમાં પ્રત્યેક ચીજનું સવીસ્તર નિરાકરણ કરેલું છે. અને આ પ્રતિપાદન અનુભવથી સત્ય છે એમ સિદ્ધ થાય છે આજ કારણને માટે તરતના જન્મેલા બાળકની કુદરતી વલણો અને ટેવોની બરાબર સમજ પાડવાને તેનું પુનરાવર્તન જરૂરનું છે અને એ વલણોનો પ્રસાર કોઈ પણ કારણ તેના હાલના જીવનમાં ન થયેલો હોવાથી તેની પૂર્વ જીંદગીનું એ પરિણામ છે એમ માનવું પડશે.

પણ એક બીજી સુચના છે જે આ સઘળું સ્વીકારે છે તે એ છે કે મારી પૂર્વ સ્થિતિનું મને કાંઇ પણ યાદ નથી તેનું કારણ શું ? આનું કારણ હમણાં પોતાની મેળે સહેજ દર્શીત થશે હું હમણાં જો અંગ્રેજી બોલું તો તે કાંઇ મારી માતૃભાષા નથી

ખરેખર મારા અંતર જ્ઞાનમાંના પ્રદેશમાં (આત્મબોધ, નીરપ્રેક્ષ-જ્ઞાન) એક પણ અંગ્રેજી શબ્દ નથી. પણ જ્યારે એ દર્શાવવાને માટે કોઇ પણ શબ્દ વડે જ્યારે જ્યારે હું પ્રયત્ન કરૂં છું ત્યારે તે પાછા મારા અંતરજ્ઞાનમાં જતા રહે છે. માટે એજ સૂચવે છે કે અંતરજ્ઞાન માત્ર મનોયમ સમુદ્રની સપાટી છે કે જેની અંદર આપણા બધા અનુભવનો ભંડાર રહેલો છે તેને પ્રદર્શીત કરવાને યત્ન કરશું તો તે જરૂર બહાર આવશે. અને ત્યારેજ તમને તમારા પૂર્વજીવનનું જ્ઞાન પ્રાપ્ત થશે. અનુભવે અનુભવે આ આત્માને ઓળખવાની આ જીવન એક શાળા છે.

ગત કાળ પુનઃ યાદ કરવા વિષે.

આ સંધુ સ્વપ્રદર્શીત સ્પષ્ટ સિદ્ધાંત છે, અમારા અનુમાનનું સંપૂર્ણ નિરાકરણ સિદ્ધ કરી આપવામાં તે રહેલું છે અને અમારા મહાન ઋષિ મુનીઓએ આપણને ઉપર કહેલું સિદ્ધાંત પ્રદર્શીત કરી આપવાને આગ્રહ પૂર્વક માગણી કરેલી છે તેઓએ એમ જણાવેલું છે કે અમે એ ગુપ્ત ભેદ શોધી કાઢયો છે અને તેથી કરીને મનોમય સમુદ્રની ઉંડાઇ નિસંશય રીતે જાણી તેમાં પ્રવર્તવાને શક્તિવાન થયા છીયે અને તેથીજ અમારૂં તેમજ તમારૂં પૂર્વ સ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન પુનઃસંપાદન કરી શકાય એવું છે હિંદુઓ આજ કારણથી પોતાના ચૈતન્ય આત્માને જેની અંદર તરવાર પણ દાખલ થઇ શકતી નથી, અગ્નિ જેને બાળી શકતી નથી, પાણી જેને ઓગળાવી શકતું નથી, હવા જેને સુકાવી શકતી નથી તેવા શુદ્ધ જીવાત્માને માને છે. વળી તેમનું માનવું એવું પણ છે કે જીવ એક કુંડાળું છે કે જેના ઘેરાવાનો કંઇ પારજ નથી પણ તેનું બિંદુ દરેક આદમીના શરીરમાં આત્મા-

રૂપી છે. મરણ ત્યારે બીજું કંઇજ નહીં પણ આમ એક શરીરના અમુક બિંદુમાંથી આત્માનું અન્ય શરીરના બિંદુમાં જવું તેજ છે. આત્મા તત્વના લક્ષણ કિંવા ગુણના બંધનમાં બીલકુલ રહેતો નથી. સાત્વીક રીતે એતો સંપૂર્ણ પવિત્ર શુદ્ધ સ્વતંત્ર (અપરાધીન) છે ને તે સ્વતા તત્વની સાથે એટલા બધા નિકટના સબંધથી જોડાયલો છે કે તે તત્વજ છે એમ પણ આધુનિક વિદ્વાનો માને છે એમ હું જાણું છું.

હવે શા વાસ્તે આવા નિપૂણ, સ્વચ્છ, નિર્મળ, સ્વતંત્ર આત્મા ધરાવનારા પુરૂષને જડના બંધનને આધીન રહેવું જોઇએ. (જડનું દાસત્વ સ્વિકારવું જોઇએ) શા માટે નિપૂણ આત્મા અપૂર્ણ છે એવો ભૂલાવો ખવાડનારો વિચાર કેટલાકો માન્ય કરે ? એમ જણાયલું છે કે આધુનિક વિચારસૂન્ય દરેક હિંદુઓ કંઇ આવા પ્રશ્નની દરકાર કરતા નથી અને કહેછે આવા પ્રશ્ન અર્થ રહિત છે કેટલાક વિચાર શીળ પુરૂષો એક કિંવા અધીક અર્ધ નિપૂણ પુરૂષો હોય એમ ગાની અને તેમને મહાન પારિભાષિક નામો આપી વાત પતાવી દેવા માગે છે.

પણ આમ નકામા મહાન નામ આપવાથી કંઈ પ્રશ્નનું નિરાકરણ થતું નથી સંશય તો એમનો એમ રહે છે હવે ત્યારે જે નિપૂણ છે તે ફકત માનવામાં આવેલો માત્ર નામનોજ નિપૂર્ણ છે એમ કેમ મનાય અને જે સ્વચ્છ અને અખંડિત છે તે શા માટે માત્ર સુક્ષ્મદર્શક યંત્ર વડે દેખાય એટલા પણ નાના જડ ભાગની આકૃતિ બદલે, હિંદુ નિષ્કપટી છે તેઓ દરેક સગમે સિદ્ધાંત શોધવા બેસતા નથી તેઓ પ્રત્યે જો આવો પ્રશ્ન મુકાય તો તે વિષે કેવળ અજ્ઞાન છે એટલોજ ખુલાસો એમના તરફથી મળશે. આવો સર્વ પ્રકારે નિપૂણ આત્મા તત્વ સાથે ભેળાયાથી અપુર્ણ છે, એમ કેમ મનાય પણ સત્ય વાતતો હમેશાં ગમે તેમ બોલાય તોપણ અંતે ખરીજ ઠરે છે અને આતો સિ-

છે કે ઘણાંકો પોતાનું ચૈતન્ય આ સ્થુળ શરીરમાંજ રહેલું છે. એમ માનેછે છતાં આપણે હું કોણ? મારો જીવાત્મા તે કોણ? અને આ સ્થુળ દેહ તેશું? તે સમજવાને બીલકુલ પ્રયત્ન કરતા નથી.

જીવ અમર છે.

વારૂ ત્યારે માનસીક આત્મા અનંત અને અમર, નિપૂણ અને સૂક્ષ્મ છે અને મરણ બીજું કાંઇજ નથી પણ આત્માનો એક શરીરના બિંદુમાંથી બીજા ખોળીયાના બિંદુમાં જવાનો ફેરફાર છે હમણાં શું થશે તે આપણા પૂર્વ જીવનના કૃત્યોથી અને ભવિષ્યમાં જે બનવાનું છે તે હમણાના વર્તનથી નિરમાણ થાયછે અને આત્મા પ્રત્યેક જન્મ વખતે જડ શરીરમાં પ્રાપ્ત થઇ દરેક મરણ સમયે તે છોડી જાયછે ને એક તોફાનમાં ફસી પડેલા નાના હોડકા જેવો છે કે જે હોડકું એક પળમાં સારા નરસા કૃત્યોની અસરથી મોટા ધડાકા સાથે ઘુંઘવતા વમળના મોજાની ઉછળતી છોળોના ફીણથી વીંટલાઇ વળી ઘણું ઉંચું ચઢી જાયછે અને બીજેજ પળે કર્ણ ફાડીનાંખે એવી જબરી ગર્જના કરતા અથાગ સમુદ્રના ઉંડામાં ઉંડા ખાડામાં આમ તેમ ગબડતું અથડાઇ ભાગી જાય છે. તે જીવ માત્ર કારણ કાર્યતાના સબળ મોટા ઘુંઘવાટા સાથે વહેતા કોઇથી પણ ન રોકાઇ શકાય એવા પ્રવાહમાં આમ તેમ અથડાતા અશક્ત અને તદન ભાંગી ગયેલા નાવડાના જેવો છે. તે વળી કાળ ચક્રતળે આવી જતાં પતંગીઆ જેવો છે કે જે નબાપા બચ્ચાની કારમી ચીસની કિંવા વિધવા સ્ત્રીના દુ:ખના આંસુની બીલકુલ દરકાર કર્યા વગર તેની તળે આવતી દરેક ચીજ કચડી નાંખતું ગબડ્યુંજ જાય છે.

આવા વિચારથી સૌ કોઇનું હૈયું ભરાઇ આવે છે છતાં તે કુદરતી નિયમ છે એમાં કોઇનું કંઇએ ચાલે એવું નથી; ત્યારે એ-માંથી બચવાની તો આશા શીજ! આ રીતે ખુદ અંતઃકરણ-માંથી નીકળેલી નિરાશ ઉપજાવનારી કારમી ચીસને જગનિયંતા પ્રભુએ ઘણી મમતાથી સાંભળી લઇ આશાસ્પદ અને દિલાસો દેનારા જે શબ્દો કહ્યા, જેણે વેદ સોધી કહાડનારા મહાત્માને પ્રેર્યા છે, જે માહાત્માઓ આ શુભ વધામણી કાન બહેરગારે એવા અવાજથી વર્ણવના એક પગે થઇ રહ્યા છે, તે કહે છે "ઓ! અમરઅત્યાનંદ ભોગવતા ભ્રાતૃઓ અને ઉંચ વર્તુલમાં રહેનારા તમે આનાપર લક્ષ આપો, કેમ જે ભવભટકણથી તરવાનો આ વિગ્રહ રહીત રસ્તો છે કે જ્યાં જરાએ અંધકાર યા ભુલાવામાં નાંખવા જેવું કંઇએ નથી, જો તમે જગતનિયંતા પ્રભુને બરાબર ઓળખશો તોજ મરણ ભયથી ઉગરશો" તમે અમર અત્યાનંદમાં ઘુમતા પુરૂષો છો. ઉપરનું આ વિશેષણ (નામ) કેવું મધુર અને આશા જનક છે. ભ્રાતૃઓ મને તમને એ સુંદર નામથી બોલાવા દો અને તમે અત્યાનંદના વારસો છો, અરે હિંદુલોકો તમે ઇશ્વરના ગુનેહગાર છો એમ કહેવાને પણ અચકાય છે.

ઇશ્વરના પુત્રો.

તમે ઇશ્વરના પુત્રો અત્યાનંદ ભાગી અને પવિત્ર તેમજ સંપૂર્ણ જ્ઞાની પુરૂષછો. અરે દુનિયામાં ઇશ્વર બાળકને શું ગુન્હેગાર ઠરે? આમ કહેનાર દોષીત થાય છે. અરે જ્યારે તમે સિંહની મહત્તા ધરાવોછો ત્યારે તમે મેંઢાં છો; એવો ખોટો ભૂલાવો કાઢી નાંખવાને તત્પર થઇ બહાર પડો? તમારો આત્મા સદા અમર છે અને તનમાં રહેલું ચૈતન્ય હમેશાં આનંદમય, સ્વતંત્ર અને અમર સ્થિતિમાંજ રહે છે. જડ તમારાં બંધનમાં છે. નહિ કે તમે જડના બંધનમાં છો.

આ પ્રમાણે વેદ, ભય ઉત્પાદક ન વિસરાય એવા નિયમોનું મિશ્ર યા કારણ કાર્યતાનું પ્રતિબંધ નહિ પણ સઘળા કુદરતી નિયમોમાં મૂખ્ય અને તત્વના દરેક પરમાણુમાં અને શક્તિ યા પ્રભાવમાં (Force) રહેલો ઇશ્વરીઅંશ જેના હુકમ સિવાય પવનમાં હીલચાલ થતી નથી, અગ્નિ પ્રજળતો નથી, વાદળાંનો વરસાદ થતો નથી, અને મરણ પણ પોતાની સત્તા જેમ ભાવે તેમ વાપરી શકતો નથી, તેમછે ત્યારે તેનું સ્વરૂપ કેવું હશે ?

તે દરેક સ્થળે સ્વચ્છ, નિરાકાર, અપ્રસ્ય, સર્વ શક્તિમાન, અને સર્વ પ્રત્યે હેતભાવથી વર્ત્તે એવો છે કે જેને માટે વેદ અધ્યન કરનારા મહા ઋષીઓએ કહ્યું છે જે "તુજ મારો પિતા, તુજ મારી માતા, તુજ સર્વ બળનું મૂળ અને તુજ સીર સર્વ જગતનો ભાર છે અને મને મારા આ નિર્થક જીવનનું વજન વેઠવામાં સહાય કર." એની ભક્તિ શી રીતે કરવી ? ઇશ્વરી પ્યારથીજ. હાલની તેમજ અન્ય દુનિયામાં સૌથી વહાલામાં વહાલી ચીજ કરતાં પણ એને વહાલો લેખી, એનીજ ભક્તિ કરવી એ આવશ્ક છે.

વેદમાં પણ આજ પ્યાર ગ્રહવાનો ઉપદેશ કરેલો છે; અને શ્રીકૃષ્ણ મહારાજ જેને અગારા ભારતવતનીઓ સાક્ષાત પૂરણબ્રહ્મ માને છે તેમણે આ પ્યારને કેવી તરેહ ખીલવી આધુનિક મનુષ્યોને બોધ કર્યો છે તે હવે જોઇએ.

શ્રી કૃષ્ણ ભગવાનનો ઉપદેશ.

પ્રત્યેક મનુષ્યોએ પાણીમાં ઉદભવતા કમળની માફક રહેવું જોઇએ. કમળ પાણીમાં ઉગે છે ખરૂં પણ તેથી તે જરાએ ભીજાતું નથી, તેમજ આ ક્ષણભંગુર દેહ ધારણ કરી આ દુનિયામાં આજીવીકા અર્થે ભિન્ન ભિન્ન મોહ જાળમાં ન ફસાતા આજીવીકા અર્થે હાથ પગ કામે લગાડવાં, અને મનને તો સદા ઇશ્વિર તરફ પ્રેરવુંજ.

આ, તેમ જે અન્ય દુનિયામાં પ્રત્યુપકારની ઇચ્છા રાખી ઇશ્વરને ભજવો એ જો કે ભજવો એ ઠીક છે પણ ફક્ત ઇશ્વરી સ્નેહ પ્રાણીને માટે જો તેને ભજીએ તો એ વધારે સારૂં છે, તે પ્રત્યે પ્રાર્થના આ પ્રમાણે થવી જોઇએ. "ઓ પ્રભુ મને દ્રવ્ય, પુત્રો, વિદ્યા આદિ કંઇપણ જોઇતું નથી, પ્રતિ ઉપર કહી તે ઉમેદ સિવાય ફક્ત તારા સુદ્ધ નિર્મળ પ્યારની ખાતર જો તું મને ચહાવા દઇશ અને તારી મરજી હશે, તો હું ગમે તેવા વિકટ નર્કકુંડમાં પડવાને જરાયે બીતો નથી."

શ્રીકૃષ્ણનો એક શિષ્ય જે ભારતવર્ષનો તખ્ત નશીન હતો, તેને જે વખતે દુશ્મનોએ રાજ્ય મુગટ છીનવી લીધો અને રાજ્ય વૈભવ છોડી હિમાલયના અઘાઢ જંગલમાં અસહ્ય દુઃખ વેઠી આશરો લેવો પડયો, ત્યારે તેની રાણીએ એક વખતે એવો પ્રશ્ન કર્યો કે તમારા જેવા સદ્‌ગુણી પુરૂષને આટલું દુઃખ શા કારણથી પડે છે? યુધીષ્ટરે ઉત્તર આપ્યો "રાણી આ રમણીય હિમાલય પર્વત ભણી તમારી નજર ફેંકો. તે કેવો મહાન અને રળિયામણો દીસે છે. હું એને ચાહુ છું. તે મને કંઇ પણ મારા પ્યારના બદલામાં આપતો નથી, પરંતુ મારી વૃત્તિ હમેશ મહાન અને સુંદર ચીજને ચાહાનારી છે. મારા પ્યારને એ તરફ ઢળવાનું કારણ પણ એજ છે. એજ પ્રમાણે હું જગનિયંતા સર્વ શક્તિમાન ઇશ્વરને ચહાવું છું, કારણ કે એ સઘળી સુંદરતા પ્રૌઢતાનું મૂળસ્થાન છે. મારા પ્યારને માટે એના સિવાય બીજી કોઇપણ વસ્તુ યોગ્ય હોય એમ હું માનતો નથી. મારી વૃત્તિઓ અને કુદરતી વલણો એને માટે ચહા ઉત્પન્ન કરે છે તે માટેજ હું એને ચહાતું છું.

કંઇ પણ પ્યારના બદલામાં મેળવવા અર્થે હું એની ભક્તિ કરતો નથી. એની મરજીમાં આવે તે સ્થિતિમાં મને નાંખે પણ હું તો માત્ર એના સુદ્ધ પ્રેમ પ્રાપ્તિનેમાટે એની ભક્તિ

બંધનમાં રહીશ. હું કંઇ એના પ્રત્યે મારા પ્યારના બદલાની કિંચિતમાત્ર પણ આકાંક્ષા રાખતો નથી.

આત્મા ઐશ્વરી છે.

વેદ સૂચવે છે કે આત્મા ઐશ્વરી છે તે અહીં જડના (માયાજાળના) બંધન તળે રહે છે જ્યારે આ બંધન તૂટશે (છૂટશે) ત્યારેજ તે નિપૂણતાને પામશે અને વેદમાં આવી નિપૂણ સ્થિતિને માટે મૂક્તિ એ શબ્દ વાપરયો છે, અને મૂક્તિ એ શબ્દ જન્મ, મરણ, કંગાળીયત પણું અને અપૂર્ણતાના બંધનમાંથી જીવાત્માનો છૂટકારો છે. તે વળી એમ પણ જણાવેછે કે ઇશ્વરી દયાજ ઉપર કથેલા બંધનનો નાશ કરેછે પણ ઇશ્વરી દયા ફક્ત પવિત્ર જનોપર થાય છે. અને તેની પ્રેરણા યા હેતુ ગ્રહણ કરવાની સરતોમાં પવિત્રતા પણ એક છે, આવી ઇશ્વરી દયાની અસર કેવે પ્રકારે થાયછે તે જોઇએ, તે સ્વચ્છ અને પવિત્ર મનવાળા પુરૂષો તરતજ અનુભવે છે અને પવિત્ર અને અકલંકિત પુરૂષો પરમાત્માના આ દુનિયામાં પણ દર્શન કરેછે અને ત્યારેજ અંતરનો (અંદરનો) કુટીલ સ્વભાવ બદલાઇ શુદ્ધ થાય છે. એટલા માટે આ આર્યધર્મનું એક ઘણું અગત્યનું એક મુખ્ય સિદ્ધાંત છે.

અહીંઆં સઘળો સંશય દૂર થાય છે અને તેટલા માટે મનુષ્ય કારણ કાર્યનાના નાશવંત ભય ઉત્પાદક નિયમનું પરિણામ રહેતું નથી.

હિંદુ લોકો માત્ર અનુમાનોપર કંઇ શ્રદ્ધા રાખતા નથી તેઓ આ અલૈકિક જીવન સિવાય જો બીજી કંઇ જીંદગી ગ્રહણ કરી શકાતી હોત તો તે બરોબર સમજવાને યત્ન કરે છે તેનો આત્મા જો કાંઇ જડ ન હોય અને સર્વ શકિતમાન માયાળુ પરમાત્મા હોય તો તેને શુદ્ધ રીતે ઓળખવાને તે પ્રયત્ન કરવાનોજ અને તેની શંકા જ્યારે તેના તે દર્શન કરે ત્યા-

રેજ ભાંગે છે. આથી આર્ય માહાત્માઓએ જીવાત્માને (ઇશ્વરને) ઓળખવાને જે પ્રમાણો બતાવ્યાં છે તે એછે કે, અનુભવ વિજ્ઞાનદ્વાર સુદ્ધ આત્માના દર્શન કરવા પ્રયત્ન કરવો અને તેઓએ પણ એમજ કર્યું છે.

નિપૂણતા પ્રાપ્ત કરવાનું એજ પ્રમાણ છે; હિંદુ ધર્મમાં અમુક મતમતાંતર માન્ય કરવાં જોઇએ એવું કંઇ નથી પણ ખરૂં તત્વ શોધી તેના નિયમાનુંસાર વર્તવું જોઇએ.

આર્યોનો ધર્મ.

હિંદુ ધર્મમાં દરેક વાતે સંપૂર્ણ જ્ઞાન મેળવી જો બની શકે તો કૈલાસવાસી જગદીશના જેટલી નિપૂણતાને પામી યથાશક્તિ પવિત્ર ને નિર્મળ બની ઇશ્વરના દર્શન કરવાની પ્રત્યેક વ્યક્તિને કોશેશ કરવી આવશ્યક છે એમ કહેલું છે અને જ્યારે કોઇ પણ આવી નિપૂણતાને પામે છે ત્યારે તેની શી ગતી થાય છે? એ પોતે અમર અને અત્યાનંદ સારા જીવનભર અનુભવે છે વળી ઇશ્વર ઇચ્છાથી થતો અચલિત અત્યાનંદ જેની બરાબર મનુષ્યને આ ફાની જગતમાં બીજું કાંઈ મેળવવાનું છે નહિ તે મેળવી ઇશ્વરનો સંગ કરી કૈલાસવાસી થાય છે.

આટલે સુધી સઘળા હિંદુઓ એક મત છે અને હિંદની ભિન્ન ભિન્ન જાતોનું આ એકજ સિદ્ધાંત છે; પણ અહીંઆં પ્રશ્ન ઉઠે છે કે સંપૂર્ણતા એ નિપૂણતા છે. ત્યારે નિપૂણતા એ કે ત્રણ ન હોય ને તે તેના ગુણદોષ રહીત છે. તે કંઇ વ્યક્તિ નથી અને જ્યારે જીવાત્મા આવો સંપૂર્ણ અને નિપૂણ બની ખરેખરા નિપૂણ બ્રહ્મસ્વરૂપને ઓળખી આ ચળીત અસ્તિત્વ ખોઇ દઇ નિપૂણ જ્ઞાન અને સંપૂર્ણ જીવનને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે આપણુ મૂળ ધનમાં પ્રાપ્ત થતા અને અસ્તિત્વ ખોતાં આવા પુ-

રૂપો વિષે ઘણી વાર સાંભળ્યું છે, આવું કંઇ પણ નથી એવું મારૂં માનવું છે. અને જો આ ક્ષુદ્ર શરીરનું અંતરધ્યાન અનુભવવાનું આનંદમય હોય તો આવા બે યા અધિક દેહના અંતરધ્યાનનો ભોક્તા થવાનું વધારે આનંદમય છે. આ પ્રમાણે ત્રણ, ચાર, યા પાંચ યા અધિકનું પણ એમજ. અને જ્યારે સઘળા વિશ્વનું અંતરધ્યાન આપણી ઇંદ્રી યા બુદ્ધિ દ્વારા ભોગવવાની શક્તિ ગ્રહણ થઇ શકે ત્યારેજ અંતની નિપૂણતાનો અત્યાનંદ પ્રાપ્ત થઈ શકે છે.

સંપૂર્ણ વ્યક્તિ.

હવે સંપૂર્ણ વિશ્વવ્યાપક વ્યક્તિ મેળવવાને આ કંગાળ ક્ષુદ્ર હરેક આધુનિક વ્યક્તિનો ભંગ થવો આવશ્ય છે; ભવજાળ પાર ત્યારેજ ઉતરાય કે જ્યારે હું પોતે ઉપર કહેલી વ્યક્તિ હોવું અને જ્યારે તે અત્યાનંદ હું પોતે થાઉં ત્યારેજ કંગાળીયતપણું ટળે. આવી નિપૂણતાનું અંતરધ્યાન થાય ત્યારેજ દોષરહિત રહી શકાય. આ એક શાસ્ત્રીય મૂખ્ય સિદ્ધાંત છે. શાસ્ત્રથી આતો સિદ્ધ છે કે શારીરિક વ્યક્તિ એ તો ફક્ત ઇંદ્રજાળ (પ્રલોપન) છે અને મારો ચૈતન્ય દેહ અનાદિ તત્વના નાશ રહિત સમુદ્રમાં ક્રમવાર ખોળીઆં બદલ્યા કરે છે. અને મારૂં બીજું પ્રતિબિંબ મનનું મૂખ્ય સિદ્ધાંત અદ્વૈત છે.

શાસ્ત્ર બીજુ કઈ નહિ પણ દ્રઢતા (ઐક્યતાની) ખોળ છે તેથી કોઇપણ શાસ્ત્ર ને જે સ્થળે સંપૂર્ણતા મળે ત્યાંજ તેની પ્રવૃત્તિ યા ઉન્નત્તિ બંધ પડશે, કારણ કે તેજ તેનું અંતસ્થાન છે. તેથી ત્યાંજ તેની મર્યાદાની હદ આવી રહેશે, આજ કારણથી રસાયણ શાસ્ત્રકારોને જો કોઇ એવું તત્વ (Eliment) જડે કે જેમાંથી, બીજાં સઘળાં તત્વ ઉત્પન્ન થયાં હોય, તો ત્યાંજ તે શા-

અની ઉન્નતિ અટકે. તેમજ પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રમાં પણ એક એવા તત્વની ખોળ થાય કે જેના બીજા બધા તત્વો માત્ર રૂપાંતર હોય તો તે પણ ત્યાંજ અટકે, તેમજ અનેક ધર્મશાસ્ત્ર પણ સંપૂર્ણ ત્યારેજ બને કે જ્યારે તે દરેક પુરૂષોને જગનિયંતા ઇશ્વર જેનું જીવન લૌકિક મરણ રહિત છે તેને, અને જે વળી અસ્થિર માયામય સંસારનાં આધાર (પાયો) છે અને દુનિયામાં મનાતા સઘળા જીવાત્મા જે પરમાત્માના રૂપાંતર છે તેને ઓળખતા શીખવે. આમ દ્વિત્વ અને બાહુલ્ય (પુષ્કળતા) એ કરી છે. અંતની સ્થિતિએ જ્યારે આપણે પહોચશું ત્યારેજ કોઇપણ ધર્મ એક પણ પગલુ આગળ વધશે નહિ. અને શાસ્ત્રોની મર્યાદા પણ ત્યાંજ આવી રહેશે.

ઉત્પત્તિ નહિપણ રૂપાંતર.

કાળાંતરે સઘળા શાસ્ત્રો આજ સિંદ્ધાતપર આવવા જોઇએ, અર્વાચિન શાસ્ત્રથી પણ દુનિયામાં ઉત્પત્તિ નહિ પણ રૂપાંતર છે એમ સિદ્ધ થાય છે; અને જે મત દરેક આર્ય વર્ષો થયાં અંતમાં સિદ્ધ છે એમ ખરા અંતઃકરણથી સ્વીકારાતો આવ્યો છે; તેજ સિદ્ધાંત જરા સખ્ત ભાષામાં પશ્ચિમાત્ય શાસ્ત્રોના માન્ય યોગ સાબિતીના પુરાવા સહિત લખાયલા આધુનિક શાસ્ત્રોના છેલામાં છેલા સિદ્ધાતો ઉદભવીને આંખને ઝેગ આપે એવા પ્રકાશમાં દીપતાં હોવાથી દરેક ભારત વતનીને આનંદ થયા વિના રહેતો નથી.

હવે આપણે તત્વજ્ઞાનની અભિલાષાથી ઉતરી, અજ્ઞાન પુરૂષોની ધર્મ વૃત્તિ તપાસીયે, પ્રારંભમાંજ તમને હું જણાવીશ કે આર્યવર્તમાં દ્વીવાદ (બહુવાદ) છેજ નહિ. જો કોઇપણ દેવસ્થાનમાં જઇ ભક્તજનો પાસે જઇ ઉભા તો મૂર્તિનેજ સર્વવ્યાપક ઇશ્વરના સઘળા ગુણો આરોપતા દેખાશે (માલમ પડશે) આથી તેઓ બહુ ઇશ્વરને માને છે એમ દરશે નહિ.

ગુલાબના ફૂલને ગમે એટલા ઉપનામો આપો તોપણ તે-તો હમેશની માફક સુવાસિતજ રહેશે. ભિન્ન ભિન્ન નામો કંઈ અર્થમાં ફેર કરતા નથી.

હિંદુસ્તાનમાં એક ક્રીસ્થિયન વકતાને એક ટોળામાં ધર્મવા-દમાં ગુથાયલો જોવાનું મને યાદ છે. જે સઘળી દલીલો તેણે તે-મને કહી હતી તેમાંની એક બે એવી હતી કે જો તે મૂર્તિપર એક લાકડીનો ફટકો મારે તો તે શુ કરી શકે? શ્રોતાજનમાંના તિવ્ર સ્વભાવવાળા એકે ઉત્તર વાળ્યો કે જો હું તમારા દેવને ગાળ ભાંડુ તો તે શું કરશે વારૂ? તે પાદરી સાહેબે કહ્યું કે તે તને તારા મરણ પછી સજા કરશે. ત્યારે તે ગામડીઆએ પણ એવુંજ કહ્યુ કે મારી મૂર્તિ પણ તારા મરણ પછી તને સજા કરવાને શકિતવાન છે.

હરકોઈ વૃક્ષ તેના ફુલપાનથીજ ઓળખાય છે. મૂર્તિ પૂજ-કોમાંના ઘણાકોને એવા સદાચર્ણી, નીતિવાન, ધાર્મિક, ઈશ્વરીપ્રેમ ધરાવનારા જોયા છે કે તેમના જેવા (જોટા) શ્રદ્ધાશીળ કેથે પ-ણ મળી શકે એમ મારૂ માનવુ નથી: આથી સહજ મારા મનમાં વિચાર કરૂ છું કે શું પાપ પવિત્રતા ઉત્પાદક થઇ શકે કે?

ધર્માંધપણાનુ કલંકિત કરવું.

વહેમ મનુષ્ય માત્રનો દુશ્મન ગણાય છે પણ ધર્માંધપણુ એથી પણ વધારે દૂષિત છે. ક્રીસ્ચિયનો પોતાના દેવળોમાં શા અર્થે જાય છે? અને શા માટે ક્રૉસ યાને વધસ્તંભને પવિત્ર માને છે? પ્રાર્થના કરતી વખતે પોતાનું મૂખ આકાશ તરફ શા માટે કરવું? અને કેથૉલીક પંથના દેવળમાં શા કારણે આટલાં બધાં પૂતળાંએ જોઇએ. પ્રોટેસ્ટન્ટ પંથીઓના મનમાં પ્રાર્થના સમયે

શા માટે આટલી બધી પ્રતિમાં જોઇએ. જે તૃષ્ણાનો જેમ સ્વાસ હમેસ સુધી બંધ કર્યાથી જીવાતું નથી તેમજ વાસ્તવિક આકૃત્તિના મનમાં પ્રતિબિંબ વગર કોઇને માટે પણ વિચાર કરી શકાતો નથી; એ સઘળુ તે વગર સુન્ય ભાસે છે.

આ પ્રાકૃતિ પ્રતિબિંબ સહસાસના નિયમાનુંસાર જેમ માનસિક વિચારપર મનને લાવે છે તેમજ માનસીક વિચાર પ્રાકૃતિક પ્રતિબિંબપર લઇ જાય છે. લગભગ આખી દુનિયાના લોકોને સર્વ વ્યાપકપણું અર્થ સુન્ય લાગશે. ત્યારે ઇશ્વરનું ક્ષેત્રફળ અલ્પજ છે અને એ કારણથી જ્યારે ઇશ્વર શબ્દ આપણે ઉચરીયે છીયે ત્યારે વિસ્તીર્ણ પૃથ્વિનો વિચાર કરીયે છીએ. વળી આજ કારણને લીધે આપણા બંધારણના નિયમાનુસાર (પંચરંગી) આકાશની અથવા દરિયાની પ્રતિમા સાથે અને કેટલાકો દેવસ્થાનની પવિત્રમૂર્તિ, મસજીદ કે વધ સ્તંભની પવિત્રતા સાથે પોતાના બેહદ અપારપણાના વિચારોને (વકચ) સમેલન કરેછે. હિંદુઓએ પોતાની પવિત્રતા નિર્વિકારતા સર્વ વ્યાપકપણાના અને આવા કેટલાક વિચારોને ભિન્નભિન્ન આકૃતિઓ અને પ્રતિબંબ સાથે ભેળી દીધા છે પણ અંતર (ફેર) માત્ર આટલોજ છે કે કેટલાકો દેવાલયની મૂર્તિ પાછળ પોતાની સઘળી જીંદગી અર્પણ કરે છે, કારણ કે તેઓતો ધર્મ એટલે પોતાના મત અથવા સંપ્રદાયને માનસિક અનુમોદન આપવું અને સઘળા ભાતૃજનોનું રૂડુ ચહાવું અને ભલું કરવું એમ સમજે છે. હિંદુઓનો ધર્મ આ સંધુ સારી રીતે સિદ્ધાંત યુક્ત સમજવામાં રહેલો છે, માણસો જો પોતે બ્રહ્મજ્ઞાનને સારી રીતે પારખે તોજ ઇશ્વરી થઇ શકે અને તેટલા માટે મૂર્તિ, દેવસ્થાન, ચર્ચા, ધર્મપુસ્તક આદિ માત્ર અધ્યાત્મજ્ઞાનની પ્રથમાવસ્થાની ઉન્નતિના સાધન છે, અને આ પ્રમાણે અધ્યાત્મજ્ઞાનમાં અનુક્રમે પ્રવર્ત્યા જવું આવશ્યકછે.

કોઇ પણ સ્થળે આ પ્રમાણે પ્રેરિત થવાનો હમેશા પ્રય-

ત્ન આરંભ્યા પછી આવશ્યકતા પડતી અટકાવવાની નથી હરેક વ્યકિતને અંતની નિપૂણ સ્થિતિની પ્રાપ્તિને માટે કોઈ પણ જગ્યાએ અટકવું પડતું નથી.

વેદ સૂચવે છે કે "બ્રહ્મ અને અંતરની પ્રાર્થનાઓ અધ્યાત્મસ્થાનમાં (અંતઃસ્થાનમાં) પ્રવર્તવાના પ્રથમારંભનું ઉપક્રમ છે અને આત્મિક પ્રાર્થના એથી પણ શ્રેષ્ટ છે પણ સૌથી શ્રેષ્ટ ક્રમ તો જ્યારે આપણે પુર્ણ બ્રહ્મ પરમાત્માને સંપૂર્ણ રીતે ઓળખીએ ત્યારેજ મેળવાય છે." ખરેખરા ભાવિક મૂર્તિ પુજાનાં ભક્તોને દેવસ્થાનમાં લાંબા થઇ પગે પડતા જોશો તો તે તમને સૂચવશે કે સત્ય પરમાત્માને સૂર્ય, ચંદ્ર, કે તારાઓ વીજળીક પ્રકાશ કે દેવતા કોઇ પણ દર્શીત કરતું નથી, પણ તે જગનિયંતા પ્રભૂના સર્વ વ્યાપી તેજવડે સઘળી ઉપર વર્ણવેલી પ્રતિમાં મનુષ્ય કોઇ કાળે પણ પ્રતિમાને ન્યાય કે અપવાદ દેશે નહિ, શાથી જે એ પોતે આ જીંદગીમાં નિપૂણતા પામવાનો કયો ક્રમ અનુભવે છે તેનું તેને સારી પેઠે જ્ઞાન છે. નાનું બાળકપણુ મોટું થઇ કોઇ કાળે કેટલાક મનુષ્યનો પિતા થાય છે, ત્યારે એ વૃદ્ધ પુરૂષને બચપણ ને જુવાની પાપ છે એમ કહેવું શું વાસ્તવિક મનાશે. હિંદુ ધર્મમાં મૂર્તિપૂજા જરૂરનીજ છે એમ કંઇ નથી અને એક મનુષ્ય એક મૂર્તિ કિંવા પ્રતિબિંબની મદદથી ખરી બ્રહ્મ સૃષ્ટિને જાણે તો તે પાપી છે એમ માનવું શું વ્યાજબી ગણાયકે? અને જ્યારે આ ક્રમ તે પસાર કરી આગળ વધે છે ત્યારે એની પ્રથમાવસ્થાની મૂર્તિપૂજા પાપનો વધારો કરનારી છે એમ કહેવું સાચું છે. ?

આર્યો, મનુષ્યો અસત્યપરથી સત્યપર આવે છે એમ માનતા નથી પણ હલકા ક્રમની સત્યતાપરથી શ્રેષ્ટ ક્રમની સત્યતા પર આવે છે. તેમનું માનવું એવું છે કે માણસ ભ્રાન્તી ઉપરથી સત્યતાપર આવેછે એમ નથી પણ સત્યતાના હલકા ક્રમો ઉપર-

થી રફ્તે રફ્તે ઉપરના શ્રેણીક્રમો ઉપર જાય છે. તેને તો સઘળા ધર્મો પછી ગમેતેવો તે નીચ દુષ્ટ વેહેમ ભક્તિ હોય કિંવા ઇશ્વરી નિસંશય નિપૂણુતાને માનનારૂં હોય તોપણ સમાગમ અને જન્મના પ્રમાણથી નિરમાણ થયેલા જીવાત્માની ઇશ્વરી સંપૂર્ણતા પ્રાપ્ત કરવાના પ્રયત્નો છે. દરેક સંપ્રદાયો અંતની ઉન્નતિ માટેના ક્રમો છે. નાનું ગરૂડ પક્ષીનું બચ્ચું પ્રકાશીત સૂર્યને પહોંચવાને માટે ઉંચે ઉંચે ઉડી પોતાની મૂળ શક્તિમાં વધારો કર્યું જાયછે તેની માફક દરેક જીવાત્મા અંતઃસ્થિતિએ પહોંચવાને પોતાના અધ્યાત્મજ્ઞાનમાં વધારો કર્યો જાય છે.

'મત-મતાંતર.'

આર્યો એમ માને છે કે કુદરતિ રચના એવી છે કે ઇશ્વરી ઐક્યતા જૂદા જૂદા બ્રહ્મરૂપાંતરમાં આવી જાયછે. કેટલાક પંથો અમુક મતને વળગી રહી જન મંડળમાં તેનો પ્રચાર કરવાને યત્ન કરેછે, તેઓનો મત જન સમાજમાં અમુક વ્યક્તિનેજ પસંદ પડે એવો હોયછે અને બીજી વ્યકતિઓને તે વગર ચલાવવું પડેછે. તેઓનો પંથ **જેકીશનને** ઉચીત પડતો હોય એવા ડગલા જેવો છે કે જે ડગલો જો **હુરકીશન, જગમોહન** વગેરે બીજાઓને યોગ્ય ન લાગે તો તેને તે વગર રેહેવું પડેછે.

હિંદુઓ ઇશ્વરી નિપૂણુતા નિરૂપણ પણાથીજ પ્રાપ્ત થઇ વિચારી અથવા દર્શાવી શકાય એમ માનેછે અને મૂર્તિઓ, વધસ્તંભ આદિ ઘણા બિંદુઓ અથવા ખીલીઓ છે કે જેની ઉપર આપણા અધ્યાત્મક વિચારો લટકાવી શકીએ (આધાર રૂપ કરી શકીયે) તેથી એમ ન માનવુ કે મૂર્તિઓજ દરેક જણને અંત સ્થિતિને પ્રવર્તવા માટે અવશ્યની છે. પણ ઘણાઓને આમ કર-

વું ઉચિત્ત છે. તેથી જેમને મૂર્તિ આદીની ગરજ પડતી નથી તેમને જે પુરૂષોને તેમની સહાય લેવી પડેછે તેઓ અનર્થ કરેછે એમ કહેવાની સત્તા નથી.

આ પ્રસંગે એક ચીજ મારે આવશ્યક તમને કહેવી જોઇએ તે એછે કે મૂર્તિ પૂજન કોઇપણ પ્રકારે ભય ઉત્પાદક નથી અને કોઇને પણ અધર્મ વૃત્તિમાં પ્રવર્ત થવાનું સૂચવતી નથી એથી બીજી રિતે તેની બરાબર ઉન્નતિ નહી પામેલા મનને ઉંચ અધ્યાત્મજ્ઞાનમાં પ્રેરવવાની કોશેશ કરે છે. આર્યો જો કે દોષ રહીત નહિ હશે તોપણ તમારે યાદ રાખવું જોઇએ કે જે કંઇ તેઓ કરે છે તે પોતાના દેહને દુઃખી કરીને નહિ કે બીજા કોઇ પડોશીઓનાં ગળાં કાટી અધર્મરીતે વર્તીને જો એક ધર્માંધ હિંદુ ચિતા ખડકી બળીમરે તો તેણે ધર્મના આચાર વિચારની બરોબર જોઇએ તેવી માહીતી ન મેળવવાનું એ પરિણામ છે. અને જેમ મનુષ્યને ભૂત પ્રેત વળગ્યું છે એવા મિથ્યા ભ્રમિત વિચારથી તેને જીવતા બાળી નાંખવાની ક્રિયા જેમ ક્રીશ્ચીયન નીતિને દોષિત કરતી નથી તેમજ આ તેની કમ મન શકિતથી હિંદુ ધર્મ કલંકિત કરતો નથી આ જગતમાંના સર્વ સંપ્રદાય સ્રીપુરૂષોને જૂદા જૂદા બનાવો ને કાર્યોનો અનુભવ લીધા પછી, અંતઃસ્થિતિએ પહોંચાડનારા રસ્તા રૂપ છે એમ દરેક ભારત વતનીનું માનવું છે દરેક ધર્મ ઐશ્વર્ય ઐક્યના જે સઘળા મનુષ્યોને ઐશ્વર્ય પ્રેરણામાં પ્રેરેછે તેને સ્થુળ દેહમાંથી સુક્ષ્મ દેહમાં લાવવાનો પ્રયત્ન છે ત્યારે આટલા બધા ભિન્ન ભિન્ન મતમતાંતર થવાનું કારણ શું? હિંદુઓ કહેશેકે તેઓ માત્ર બાહારના દેખાવોજ છે. આ સઘળા મતમતાંતર એકજ ઐક્યતાથી જૂદા જૂદા કુદરતિ નિયમો અને બનાવોથી ઉત્પન્ન થયા છે.

સઘળા ધર્મોમાં એકજ ઇશ્વર.

જૂદા જૂદા રંગમાં પ્રકાશનું એકજ ઇશ્વરી તેજ તે છે, પણ દરેક ચીજ સૂક્ષ્મ તપાસથી સત્ય પ્રદર્શિત કરશેજ. આ નજીવો ભિન્નભાવ અંતઃ સ્થાનની યોગ્યતા મેળવવા અર્થે જરૂરનો થઇ પડે છે. પરમાત્માના ઇશ્વરી સ્વરૂપ શ્રીકૃષ્ણે હિંદુઓને વિદીત કર્યું છે કે મોતીની હારમાં પ્રત્યેક મણકામાં રહેલા દોરા પેરે હું સર્વ ધર્મમાં છું. અને જ્યાં જ્યાં મનુષ્યના મનની શુદ્ધી કરવા, શુદ્ધમન કરવાની ક્વચિત દ્રષ્ટિએ પડતી પવિત્રતા તેમજ મારી સત્તા જુએ ત્યાં સાક્ષાત હું પોતેજ રહેલો છું એમ તું માનજે, અને આવા બોધ વચનોનું પરિણામ શું આવે છે તે તું બરોબર લક્ષ પૂર્વક જોજે. આખા સંસ્કૃત તત્વ જ્ઞાન શાસ્ત્રમાંથી એવું એ કપણ વાક્ય બતલાવવાને અહીંઆ પધારેલા દરેક જણને હું આગ્રહ કરીશ કે જેનો અર્થ ફક્ત હિંદુઓનેજ તેમના શાસ્ત્ર અનુસાર મોક્ષ આપશે અને બીજાઓને નહિ, એમ થાય છે. વ્યાસ મુની કહે છે કે આપણી નાત, જાત અને પંથમાં ક્વચિત મળતા અન્ય ધર્મોના બીજા ઘણા વિદ્વાનો આપણી દ્રષ્ટિએ પડે છે. આવું છે ત્યારે દરેક હિંદુ કે જેને સર્વ વાતમાં ઇશ્વર છે તેને નિરવિવાદી બૌધ ધર્મ અને ઘણા પરમાત્મા મનાવનાર જૈન ધર્મ કેમ રૂચે? તેનો તમારા મન સાથેજ વિચાર કરવો.

બુદ્ધલોક પરમેશ્વરને માનતા નથી. જૈનો અને બુધલોકોનું ધર્મ બળ આ ઘણું અગત્યનું સિદ્ધાંત સાબિત કરવામાં રોકાઇ રહ્યું છે. દરેક ધર્મોનો મનુષ્યથી ઇશ્વરનો અંતરભાવ બતલાવવાનો પ્રયત્ન છે. તેવોએ ઇશ્વર પિતાને જોયો નથી તોપણ તેમના પુત્ર રૂપી મહાત્માના દર્શન કર્યા છે અને જેઓએ ઇશ્વરના પુત્રને નિરખ્યો છે, તેઓએ ખુદ ઇશ્વરને નિહાળ્યો છે, એમ નક્કી થાય છે.

વિદ્વાન ભ્રાતૃઓ, હિંદુઓના ધર્મ વિચારનો આ અંક જુજ નિબંધ છે. હિંદુઓ તેની દરેક યુક્તિનો ઉપભોગ કરવાને ચૂકયા

પણ હોય અને જો ભવિષ્યમાં સનાતન ધર્મ થાય તો તે અમુક સ્થાનમાં ચામુક વખતેજ થશે એમ નથી પણ સર્વ જગ્યાએ તેજ કાળે તેટલોજ સમય સુધી તે રહેશે. ઇશ્વરના જેવો તે પણ અનંત અને અનાદી થશે કે જે સૂર્યના પ્રકાશ શ્રીકૃષ્ણ કિંવા ઇશુખ્રિસ્ત ને માનનારા અને વિદ્વાન ગુણીજનો તેમજ અઘોર ગુન્હેગારો ઉપર સમભાવે પ્રકાશશે તે સૌંદર્ય પ્રકાશ નહિ કે બ્રાહ્મણોનો, બુધિસ્તનો, ક્રીશ્ચનોના કિંવા મુસલમાનોના ધર્મનો પણ આ બધા ધર્મો એકત્ર થશે તોપણ અંતની ઉન્નતિ પામવાની ઘણી દૂર રહેશે, તે નિઃપક્ષપણાથી પોતાના સૂક્ષ્મ કર પશુ તુલ્ય મનાતા તુચ્છ પુરૂષથી તે સર્વોત્તમ માનસિક અને આત્મિક ગુણો સંપાદન કરેલા માહાત્મા કે જે માટે સઘળું જનસમાજ તે મનુષ્ય છે, યા દીવ્ય પુરૂષ છે, એમ શંકા કરતાં ભયભિત થાયછે તેને પૂર્ણ ભાવભાવથી ભેટી લેવાને એક પગે થઇ રહેશે.

સનાતન ધર્મ.

સનાતન ધર્મ ત્યારેજ પથરાશે કે જ્યારે તેના મૂખ્ય સિદ્ધાંતોને ક્ષમા ભાવરાખી કોઇ પણ ઉપદ્રવ કરશે નહિ, અને જે પ્રત્યેક સ્ત્રી–પુરૂષનો સ્વતામાં રહેલો ઇશ્વરીઅંશ કિંવા ચૈતન્ય આત્માને બરોબર ઓળખવાને અને મનુષ્યમાત્રને ઐશ્વર્યતાનો ખરો સ્વભાવ જાણવામાં મદદ્ કરવાને આધારભૂત થશે.

કોઈ પણ ધર્મ લ્યો અને લોકોને તે મનાવવા પ્રયત્ન કરો. અશોકનો ધર્મ બુધ મતનો હતો. અકબરે કાંઇ આવો પ્રયત્ન કર્યો હતો પણ તે નહીજ જેવો હતો અને કદાચ તે મહાન પુરૂષો કેમ નહી, કહી શકાય કે તેમનો પ્રયત્ન અમેરીકાની આ ધાર્મિક સમાજ માટે મુલત્વી ન રાખ્યો હોય? અને જે ધાર્મિક સભામાં જુદા જુદા મતના લોકો બીરાજી એમ કહે કે " પરમેશ્વર સઘળી જગ્યાએ છે."

તે ગમે તે હો, કાં હિંદુનો બ્રહ્મા, કાં પારસીઓનો અ-હુરમજદ કાં બુદ્ધનો બુદ્ધ, કાં જુનો જોવાહ કે ખ્રીસ્તીનો આકાશી પિતા, તે તમને તમારો આ ઉમદા વિચાર પાર પાડવામાં સ્હાય ભૂત થાઓ ? પૂર્વમાં કેટલાક દીવસ સુધી તારો ચળક્યો તે પાછો થોડો વખત પશ્ચિમમાં વળ્યો. તે થોડો વખ-ત આછો અને કેટલોક વખત ઝાંખો પ્રકાશ્યો અને તેમ તેને આખી પૃથ્વિની પ્રદક્ષિણા કરી પણ તે હવે પાસીફીકના કીનારા ઉંપર પૂર્વનાં અગાઉ કરતાં સેંકડો ઘણા ઉજાશમાં પ્રકાશવા લા-ગ્યો છે; હે કોલંબીઆ, સ્વતંત્રતાની માતા, તું તેને વધાવી લે! તેં કદી કોઇને અથવા તારા પડોશીને લોહી વહેવરાવતાં શીખ-વ્યું નથી, તેં તારા પડોશીની ચોરી કરી પૈસાદાર થવાનો ર-સ્તો બતાવ્યો નથી; પણ તેં સંપનો વાવટો લટકાવી વખતને અનુસરી ચાલતાં શીખવ્યું છે.

દરિદ્ર મુર્ત્તિપુજક.

ખ્રીસ્તીઓએ હમેશાં ટિકા કરવા તત્પર થવું જોઇએ અને હું ધારૂં છું કે જો તેમના સબંધમાં હું કાંઇ એ બોલ કહીશ તો તમે ભાગ્યેજ દરકાર કરશો. હે ખ્રીસ્તો તમારા ધર્મનો ઉદ્ધાર કરવાને માટે ધર્મગુરૂઓ મોકલોછો પણ તમે તેમને ભૂખ મરા-માંથી બચાવવા માટે કેમ કંઇ પ્રયત્ન કરતા નથી ? હિંદુસ્તાન-માં દુકાળના લીધે સેંકડો લોકો ભૂખથી મરીગયા પણ તમે ક્રી-શ્ચયનોએ તેમને ભૂખમાંથી બચાવવા માટે કાંઇ પણ પ્રયત્ન ક-ર્યો નથી. તમે આખા હિંદુસ્તાનમાં દેવળો બંધાવોછો, પણ પૂ-ર્વના વતનીઓની બુમ ધર્મની ખોટ છે તેમ નથી. તેમની પાસે જોઇએ તે કરતાં સારો ધર્મ છે; પણ જે કાંઇ તેમની બુમ છે તે રોટલો છે, કે જેનાવિના સેંકડોનાં ગળાં સુકાઇ જાય છે. તે જ્યારે આપણી પાસે ખાવાનું માગે ત્યારે આપણે તેમને દેખા-

ળ બતાવીએ છીએ. ભૂખેમરતાને ફલાણો ધર્મ સ્વીકાર એવું કહેવું એ મોટા દોષ છે; તેમજ ભૂખે મરતાને તત્વજ્ઞાનનાં સીદ્ધાંતો બતાવવા તે પણ મોટી ભૂલ છે. હિંદુસ્તાનમાં કોઇ ધર્મપ્રવર્તક પૈસાની ખાતર ધર્મનો બોધકરે તો લોકો તેના ઉપર થુંકે અને ધીક્કારની નજરથી જુએ. હું અત્રે મારા ભૂખથી પીડાતા બંધુઓ તે માટે સહાય મેળવવા માટે આવ્યો પણ ખ્રીસ્ત ભૂમિમાં આવી મદદ ખ્રીસ્તીઓના હાથે મળવી અશક્ય મને માલુમ પડે છે.

સ્વામી વિવેકાનંદજીના અંતના આભારના શબ્દો.

એ મહાત્મા બીજા કેટલાક વિદ્વાન સદગ્રહસ્થો સાથે ઓળખ કર્યા પછી આ પ્રમાણે બોલ્યા:—

પિત્રુ વૃત ઇશ્વરે દુનિઆમાં જૂદે જૂદે સ્થળે પથરાયલા ભિન્ન ભિન્ન મતગ્રાહીઓને આગંત્રી આ મહાન ધર્મસભા હસ્તીમાં લાવવા અર્થે ચારેબાજૂએ ઘણી મૂશીબતે: છતાં જે સદગ્રહસ્થોએ આ મહાન પ્રયત્ન આરંભ્યો છે તેમનો એ પ્રયત્ન હરેક પ્રકારે ફળીભુત થાઓ.

જે રાજેશ્રી ખવાસના ક્ષમાભાવથી વર્તન આચરનારા જેઓના અંતઃકરણ સત્યના શુદ્ધ પ્યારથી ઉભરાઇ ચાલ્યાં છે, જેમણે આ વિચિત્ર સ્વપ્નું અનુભવ્યું અને અંતે તાદસ્ય ખરૂં છે એમ દર્શાવવાનો પ્રયત્ન જારૂ કર્યો છે તેમનો આ પ્રસંગે આભારી થાઉં છું.

મારા ભાષણ પ્રસંગે વરસતા મધૂર ઉદારતાના ઝાપટાના પ્રયોજકોનો (શ્રોતાજનો)પણ આભારી છું; ધર્મ સંબંધી કચવાટ નષ્ટ કરવા અર્થે યોજેલા મારા સઘળાં વિચારની પ્રશંસા કરી મારા પ્રત્યે સમ ભાવદષ્ટીથી જોનારા હરેક વિદ્વાન શ્રોતાજનોનો પણ આભાર માનું છું, થોડાક નાપસંદગીના શબ્દોનો

અવાજ પણુ વખતો વખત કર્યું તે અભડાવનો મને માલુમ છે. જેઓએ ચમત્કારી ધૈર્યતાથી સાધારણુ ભિન્ન ભાવ (ન્યુનતા) દૂર રાખી છે તેમનો પણુ આભાર માનવાની આ પ્રસંગે તક લઉં છું.

ધર્મની ઐક્યતા કરવાના સાધારણુ મુદ્દા ઉપર ઘણુ કહેવામાં આવ્યું છે. આ સમયે તે વિષેનુ મારૂ પોતાનું અનુમાન દર્શિત કરવાનું નિર્થક જોખમ હું હોરતો નથી, તોપણુ અહિ જો કોઇ એમ માનતો હોય કે ઉપર કહેલી ઐક્યતા, ફક્ત એકજ ધર્મ પામવાની ઉન્નતિ વ બીજા સઘળા ધર્મોની નષ્ટતા વડે, ગ્રહણ થઇ શકશે તો એને હું એમ કહીશ કે " ભાઇ તમારી આ ઉમેદ અશક્ય બિનઆધાર છે " ક્રીસ્ચીયનો હિંદુ થવાનું યા હિંદુ બૌધધર્મી કીવાં ક્રીસ્ચીયન થવાનું જો હું માનતો હોઉં તો એ ઇશ્વર તું બેશક એ અટકાવજે.

જો એક અનાજનો દાણો આપણે જમીનમાં વાવીયે તો ચોપાસ પવન, પાણી, અને જમીન છતાં આમાંની કોઇપણ અમુક વસ્તુમાં તે બદલાઇ જતો નથી; પણ સ્વજાતિના નિયમાનુસાર કાળાંતરે તે ખીલે છે (પ્રફુલિત થાય છે). પણ ઉપર કહેલા સઘળા પરમાણુઓની સહાયતા (રોપાના આધાર બૂત) પોતાની ઉન્નતિના કાર્યમાં લઇ તેમાના કેટલાક રોપામાં આવતાં કેટલાક પરમાણુમાં બદલાઇ ગયા પછી એક રોપાનું સ્વરૂપ ધારણુ કરે છે.

તેમજ ધર્મ વિષયમાં સમજવું. કોઇપણુ ક્રીસ્ચીયન હિંદુ કીવાં બૌધ્ધધર્મી થવાનો નથી યા કોઇ હિંદુ કીવા બૌધ ક્રીસ્ચીયન ધર્મમાં વટલવાનો નથી, પણુ પ્રત્યેક ધર્મો મૂળ સિદ્ધાંતમાં એકત્ર થઇ, તેમાના દરેકે સ્વજાતિનુંસાર. પ્રફુલ્લિત્ત થવું જોઇએ. ત્યારેજ પ્રત્યેક ધાર્મિકો નિપૂણુતાને પામશે ને ખરેખરા જન્મ મરણુથી મોક્ષના અમૃતનું પાન કરશે. આ મહાન ધર્મ સભાએ જો કાંઇ પણુ નવિન ફળ પ્રાપ્ત કરી તે આ દુનિયામાં દ્રષ્ય કર્યું હોય તો તે નિચે પ્રમાણે છે.

દરેક પંથ કીવાં સંપ્રદાયમાં પવિત્ર સ્વચ્છતા, ઉદ્દારતા વ-

ગેરેનું ગ્રહણ કરવા કહેલું છે એટલું સાબિત કર્યું છે; તે સિવાય દરેક પંથમાં પ્રશંસય ઉચ્ચજ્ઞાતી સ્ત્રી પુરૂષો ઉત્પન્ન થયા છે તે પણ દેખાડયું છે.

આ માન્ય પુરાવો કોરે મૂકી હજૂ પણ કોઇ એમ ધારતો હોય કે બીજા સઘળા ધર્મો નાશ પામી તેનો એકલાનોજ ધર્મ પ્રર્વતશે તો તે તરફ મારા ખરા જીગરનાં અંતરની માયાળુ લાગણીથી એને કહીશ કે દરેક જુદા ધર્મ કીવાં ધર્મ ધ્વજા ઉપર "**લડત**" એ શબ્દ ગમે એટલા દબાણના જોસ્સાની દરકાર કર્યા વગર "**સહાય**" "**નાશ**" ને ઠેકાણે "**એકયતા**" અને "**કલહ**" ને સ્થળે "**સંપ અને પુરણસુખ**" એ શબ્દો લખાયલા તે જોશે.

સ્વામી વિવેકાનંદ.

"**સનાતન હિંદુ ધર્મ**" વિષય ઉપર વ્યાખ્યાન આપનાર **સ્વામી વિવેકાનંદ** કોણ છે? વિગેરે અમારા **વાંચનારને** પૂછપરછ કરવાનું કારણ મળે તેટલાગાટે અમોએ તેના વિષે જે ખબર મેળવી છે તે આ ઠેકાણે આપીએ છીએ.

સ્વામી વિવેકાનંદ બંગાલામાં અવતાર રૂપ મનાતા **ભગવાન શ્રીરામકૃષ્ણ દેવના** શિષ્ય છે. તેમની ઉમ્મર હાલ આશરે ૩૨–૩૪ વર્ષની છે. તેમનો ચેહેરો ઘણોજ શોભાયમાન અને જોનારની નજરે તે કોણ જાણે કોઇ મહાન રાજા હોય તેમ દેખાય એવો છે, તેમણે પોતાની ૨૦ વર્ષની વયે ભગવાન શ્રીરામ-કૃષ્ણને હાથે બીજા લગભગ ૨૦ પુરૂષોની સાથે સન્યાસ લીધો હતો. તેમનું સંસારિક નામ "**નરેન્દ્ર**" છે. તે કલકત્તાની યુનિવર્સિટીના ઉંચી પંક્તિએ પાસ થએલા ગ્રેડયુએટ છે તે અને તેમના બીજા ગુરૂભાઇઓ સઘળા એક સરખા વિદ્વાન છે. એ વીશ મહાન પુરૂષોમાંથી કેટલાક ટિબેટ, હિમાલય, સીલોન, મદ્રાસ વિગેરે વિવિધ સ્થળે ફરે છે અને કેલવણી પામેલા યુવાનો તેમજ

નાસ્તિકોને ધાર્મિક બનાવવા પૂરતો પ્રયત્ન કરે છે. આ સન્યાસીઓમાંના કેટલાક કોઇ કોઇ વાર આપણી તર્ફ આવે છે. એ બધા સન્યાસીઓનો મઠ કલકત્તામાં બરાનનગર ભાગમાં આવેલા બજારમાં એકાંત સ્થળે છે, જ્યાં દરરોજ ધાર્મિક ચરચા ચાલુજ રહેલી જોવામાં આવે છે.

ભગવાન શ્રીરામકૃષ્ણનો જન્મ કલકત્તાથી કેટલાક મૈલને છેટે આવેલા કમાલપુરકર નામના ગામમાં થયો હતો અને તે ગંગાનદીને કિનારે આવેલા કાલીના દેવલમાં એક મકાનમાં રહેતા હતા તેમનો જન્મ ૨૦ મી ફેબ્રુઆરી ૧૮૩૫ ના રોજ બપોરના ત્રણ વાગતે થયો હતો. પ્રખ્યાત બાબુ કેશવ ચંદ્રસેન તેને ઘણુંજ માન આપતો હતો. **નવવિધાન** તે એ મહાન પુરૂષના પ્રતાપેજ હતું. તેના શિષ્યોની સંખ્યા લગભગ ૨૦૦૦૦) વીસ હજાર ઉપરની છે અને એ બધામાં મોટું મંડળ કેળવાએલું છે. વાંચનારને જો એ મહાન પુરૂષ વિષે વધારે વાંચવું હોય તો આપણી ગુજરાત વર્નાકિયુલર સોસાઇટી તરફથી પ્રગટ થએલી **“ધાર્મીક પુરૂષો”** એ નામની ચોપડી વાંચવી, કારણ કે તેમાં પરમહંસ રામકૃષ્ણદેવનું ટુંક જીવન આપ્યું છે; બંગાલી ભાષામાં તેનું જીવન ત્રણ પુરૂષોએ લખ્યું છે; અને ચોથું બ્રહ્મસમાજ તરફથી પ્રકટ થયું છે; અને તેનું ઇગ્રેજી, ગુજરાતી, અને કેનેડી ભાષામાં ભાષાંતર પણ થોડા વખતમાં પ્રગટ થનાર છે.

સ્વામી વિવેકાનંદ અમેરીકા ગયા પેહેલાં મુંબઇ આવેલા હતા તેઓ આપણા મરહુમ હરિદાસ વિહારીદાસના ખાસ સ્નેહિ હતા. સ્વામી વિવેકાનંદ કાઠીઆવાડના કેટલાક નેકનામદાર ઠાકોરો અને રાજાઓ સાથે સારો સંબંધ ધરાવે છે રજપૂતાનામાં આવેલા “ખેત્રી”ના મહારાજાની સાથે ઘણોજ નિકટ સંબંધ રાખે છે. તેમજ મૈસુરના મર્હુમ મહારાજા તેમના સ્નેહી હતા અને તેજ મહારાજાના ઉદાર આશ્રયથી તેઓ અમેરિકા ગયેલા કહેવાય છે. મદ્રાસીઓ તેને એક અવતાર રૂપ માને છે, અંગ્રેજીમાં એ ધર્મ

સંબંધી પખવાડીક અને માસિક પત્ર મદ્રાસમાં તેમનીજ પ્રેરણાથી કાઢવામાં આવ્યા છે. આ મહાન પુરૂષ ઇંગ્લંડ, જર્મની આદી દેશોમાં ફરી થોડા વખતમાં એટલે જાન્યુઆરી ૧૮૯૭ની ૧૬ મી ૧૭મી તારીખે કોલંબોના રસ્તે આપણા દેશમાં. પ્રથમ **મદ્રાસ**માં આવશે. તે વખતે તેમને માન આપવા માટે આજથીજ તૈયારીઓ ચાલું થઇ ગઇ છે, અને તેઓ આશરે ૭ માસ હિંદુસ્તાનના જુદા જુદા સ્થળોમાં રહી, ફરી પાછા ઈંગ્લાંડ અને અમેરીકામાં જનાર છે.

સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકમાં ગયા ત્યારે તેમનો વિચાર થોડા વખતમાં પાછો ફરવાનો હતો, પણ ત્યાના લોકો તેમની વિદ્વતા જોઇ તેમને ત્યાં રહી વેદાંત આદી ધર્મ સંબંધી ભાષણો કરવાનો આગ્રહ કર્યો અને તેમને રહેવા વગેરેની હરેક પ્રકારે સવડ કરી આપી; આથી સ્વામી ચીકાગો, ન્યુયૉર્ક, બ્રુકલીન, હર્ટફર્ડ આદી વીવિધ સ્થળે ફરી હિંદુધર્મ વિષે વાખ્યાનો આપ્યાં અને જ્યાં જરૂર જણાઇ ત્યાં હિંદુધર્મ સંબંધી શિક્ષણ આપવા માટે વર્ગો ઉઘાડયા; આથી અમેરિકામાં તેમના સેંકડો શિષ્યો થયા છે, અને તેમાં ગ્રહસ્થ તથા સ્ત્રીઓનો મોટો ભાગ છે અને કેટલાક સ્ત્રી પુરૂષોએતો ગ્રહસ્થાશ્રમ તજી સન્યસ્ત લીધું છે, પોતાની મુરાદ પુરી પાડવાના વિચારથી સ્વામી અમેરિકાથી ઇંગ્લાંડ આવ્યા તે વખતે તેમણે પોતાના ગુરૂભાઈ સ્વામી **સારદાનંદ**ને કલકત્તેથી બોલાવી અમેરિકામાં રાખ્યા છે જેઓએ પોતાના ગુરૂભાઇ જેવીજ પોતાની વિદ્વતા બતાવી પ્રખ્યાતી મેળવી છે અને સ્વામી થોડા વખતમાં હિંદુસ્તાનમાં પાછા ફરતા હોવાથી યૂરોપમાં પોતાનું કાર્ય ચલાવવા માટે **અભયાનંદ** નામના સ્વામીને **કલકત્તેથી** તેડાવી લીધા છે જેઓ હાલ ઇંગ્લાંડમાં છે. સ્વામી હિંદુસ્તાનમાં પાછા ફરતા પહેલાં જર્મની, ફ્રાન્સ, ઇટાલી આદી દેશોમાં ફરી કોલંબોના રસ્તે અત્રે આવનાર છે.

સ્વામી વિવેકાનંદ કૃત વ્યાખ્યાન માળા.

સ્વામી વિવેકાનંદે અમેરિકામાં તેમજ યુરોપમાં આપેલાં વ્યાખ્યાનોનું ભાષાંતર, ધર્મશાસ્ત્ર તથા શ્રીમંતો અને મહારાજાઓના આશ્રયથી સસ્તી કીંમતે પ્રસીદ્ધ કરવાનો અમોએ નિર્ણય કર્યો છે અને તેમાં હાલ તુરત નીચે પ્રમાણે મણકા તૈયાર કરવામાં આવશે:—

મણકો	૧	સનાતન હિંદુ ધર્મ.	તૈયાર છે.
,,	૨	કર્મયોગ.	છપાય છે.
,,	૩	પુનર્જન્મ.	તૈયાર થાય છે.
,,	૪	આત્મા.	,,
,,	૫	આત્મા અને પ્રભુ.	,,
,,	૬	શું આત્મા અમર છે?	,,
,,	૭	ભક્તિ માર્ગ.	,,
,,	૮	હિંદુસ્તાનના ધર્મ.	,,
,,	૯	સનાતન ધર્મ ભ્રાંતી.	,,
,,	૧૦	ભક્તિયોગ.	,,
,,	૧૧	રાજ્યયોગ.	,,

આ સંબંધી તમામ પત્રવ્યવહાર નીચેના શિરનામે રાખવો.

પ્રકાશક.

વિવેકાનંદ કૃત વ્યાખ્યાન માળા.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

અમદાવાદ.